પ્રત ૫૦૦૦ આવૃત્તિ પહેલી

મુદ્રણસ્થાન
શ્રી જશવંતસિંહ પ્રી પ્રેસ—લીંબડી

વીર સંવત્ ૨૪૭૭ વિક્રમ સંવત્ ૨૦૦૭ સને ૧૯૫૧

કિંમત ૦-૧૨-૦

અનુક્રમણિકા.

પ્રસ્તાવના

અમારી સંસ્થા તરફથી શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજ શ્રી યશોવિજયજી વાચકવર વિરચિત "સમકિતના સડસઠ બોલની સજ્ઝાય" ની આ પહેલાં ચાર આવૃત્તિઓ બહાર પડી ચૂકી છે તેની આ પાંચમી આવૃત્તિ છે આ પુસ્તકમાં પ્રથમની જેમ અઢાર પાપ સ્થાનકની સજ્ઝાયો આપવામાં આવી નથી. આ સજ્ઝાયની મહત્તા તરફ વાચકોનું લક્ષ્ય વિશેષે આકર્ષવા જેમ બને તેમ અર્થ અને છાપકામ ખૂબ ખુલ્લા રાખવામાં આવ્યા છે, જેથી સામાન્ય બુદ્ધિના જીવો પણ તેનો લાભ સારી રીતે લઇ શકે.

આપણી પાઠશાળાઓમાં પંચ પ્રતિક્રમણના સૂત્રોનો મુખપાઠે અભ્યાસ પૂરે કરાવવા ખાસ પ્રયત્ન થાય છે. અને તે જૈન શાસનની શાસ્ત્ર અને આચાર શૈલી જોતાં બરાબર છે. પંચ પ્રતિક્રમણ કોઇ એવી અદ્ભુત વસ્તુ છે, કે જેના પ્રથમ મૂળસૂત્રોજ પૂરેપૂરાં જૈન બાળકોને મુખપાઠે થઇ જવા જોઇએ પછી તેનો અર્થ શિખવવો પણ જરૂરી છે. પરંતુ મૂળ પૂરું મુખપાઠે થયા પહેલા અર્થ શિખવવાનું સૂક્ષ્મ વિચારણાથી વિચારી જોતાં યોગ્ય નથી આ વાત પંચ પ્રતિક્રમણ સૂત્રો સિવાય બીજા સૂત્રોને એટલી લાગુ નથી. એ ધ્યાનમાં રાખવું તેથી જેમ બને તેમ ગમે તે ભોગે મૂળસૂત્રો મુખપાઠે કરાવી નાંખવા સવિશેષ હિતાવહ છે. કેમકે-તેની સાથે જૈનધર્મના દરેક આચારો અને અનુષ્ઠાનો જોડાયેલા છે. અને અનુષ્ઠાનો સાથે જીવન શુદ્ધિ જોડાયેલી છે. નાની ઉમરમાં સૂત્રો મુખપાઠે થવાના રહી જાય છે, તો પ્રાયઃ જીંદગી આખી રહી જવા પામે છે સૂત્રો મુખપાઠે થઇ ગયા હોય, તો પછી અર્થ શિખવાની તક મળી આવવાનો ઠીક ઠીક સંભવ છે. ત્યાર પછી જીવવિચાર, નવતત્ત્વ, વિગેરે પ્રકરણો જૈન તત્ત્વ જ્ઞાન સમજાવવા ભણાવવામાં આવે છે. પરંતુ જીવન સુધારણા માટેની ઉપયોગી સમજ માટે તો એ લાંબો રસ્તો હોવાથી બધાયે જીવો તે માર્ગેથી તત્ત્વ મેળવી શકતા નથી. તેથી અમારી ધારણા એ છે કે જેઓ જીવવિચાર વિગેરેનો અભ્યાસ કરી શકે તેમ ન હોય, અથવા તેવી શક્તિ ધરાવતા ન હોય, તેવા બાળક બાલિકાઓ વિગેરેને પંચ પ્રતિક્રમણ પૂરાં થતાંની સાથેજ ગુજરાતી ભાષામાં રચાયેલી આવી અદ્ભુત સ્તવનો મોઢે કરાવી નાંખવી જોઇએ. અને ગુજરાતી ભાષામાં હોવાથી તેનો અર્થ સમજવામાં પણ જરાયે મુશ્કેલી પડે નહિ

પંચ પ્રતિક્રમણના અભ્યાસની સાથે સાથે પણ જો સજ્ઝાય, સ્તવનો ના ક્રમ તરીકે મોઢે કરાવી લેવામા આવે, તોપણ અભ્યાસ ક્રમની શાસન-શૈલીને અગવડ આવે તેમ નથી. કેમકે-સજ્ઝાયો, સ્તવનો વિગેરે, પ્રતિક્રમણાદિ અનુષ્ઠાનોના અંગભૂત છે. એટલે તેના અંગ તરીકે તેનો ઉપયોગ પણ કરી શકાય.

આમ કરવાથી—"આપણી ઉગતી પ્રજા ધર્મ બોધથી વંચિત રહે છે." એ ફર્યાદ કેટલેક અંશે ઘટશે. કેમકે-તે બોધ તેમને સીધી રીતે મળી જવાની આવા પુસ્તકથી પ્રમાણભૂત સગવડ મળશે

હિતચિંતક મુનિમહારાજાઓએ કૃપા કરી અમને આ જાતની સૂચના આપવાથી અમે આ પ્રયાસ કર્યો છે અને અખતરા તરીકે તેનો અમલ કરવા દરેક જૈન પાઠશાળાઓના સંચાલકોને અમારી પણ વિજ્ઞપ્તિ છે, કે-"પોત પોતાની પાઠશાળામાં ઉપર જણાવ્યા પ્રમાણે આ સજ્ઝાયના પઠન-પાઠનનો રીતસર પ્રચાર કરશે, તેમાંના ઉપદેશ પ્રમાણે અમલ કેવી રીતે થાય છે ? અને તેનું શું પરિણામ આવે છે ? તેના ઉપર ખ્યાલ રાખી લાભાલાભનું તારણ કાઢશે."

ઉપરનો હેતુ બરાબર સફળ થાય, માટે તદ્દન સરળ અને સચોટ ભાષામાં ટુંકામાં સમજી શકાય, તેવું સંપાદન કરાવાયેલું છે. તેથી આશા છે કે-આ આવૃત્તિ એકદમ ધ્યાન ખેંચનારી થશે ઘણીજ ઉપયોગી થશે જેથી જૈન શાસનમાના આવા મહત્ત્વના સાહિત્યનો બાળજીવોને લાભ મળશે

છતાં, આ આવૃત્તિમા જેકાંઇ કઠણપણું, ગેર સમજુતી, શાસ્ત્રથી વિરુદ્ધ કે બીજી રીતે હરકત કરતા લાગે. અથવા બીજું કાંઇ સુચવવા જેવું લાગે, તેની સૂચના આપવાથી ઘટતી વિચારણા કરી નવી આવૃત્તિમાં વ્યવસ્થા કરવામા આવશે પાછળ આપવામાં આવેલા ઉપકારી પરમ પૂજ્ય પન્યાસજી મહારાજ શ્રી એ કાળજી પૂર્વક કરી આપેલા શુદ્ધિ પત્રક મુજબ સુધારીને વાચવા વિજ્ઞપ્તિ છે હાલની મોંઘવારીના સંજોગોની-અને મળનારા લાભની વિચારણા કરતાં હાલની કિંમત બરાબર જણાશે

'જૈન શાસનની આરાધના કરી ભવ્યજીવો પરમ સુખ પ્રાપ્ત કરો."

એ આશા સાથે વિરમીએ છીએ—

સંચાલકો:—
શ્રી જૈન શ્રેયસ્કર મંડળ.
મહેસાણા.

ભૂમિકા

જૈન ધર્મમા શ્રદ્ધા રાખવના મહત્ત્વન કારણો:—

જૈન ધર્મ—

૧ માનવ જીવન સુધારવા માટેનું ઉચ્ચમાં ઉચુ સાધન છે.

૨ તેમાં ધર્મતરિકેની ઉચ્ચામાં ઉચી શ્રદ્ધા રનક લાયકાત છે. જેમાં થોડી પણ આધ્યાત્મિકતા ન હોય, તેને ધર્મ કહી શકાય જ નહીં.

૩ તે પ્રાચીનમાં પ્રાચીન ધર્મ છે અથવા સર્વ—સામાન્ય-ધર્મ-નામને લાયક તે જ છે. તેજ ધર્મ છે. જૈન-ધર્મ એ તેનું નામ સામાન્ય ઓળખાણ પૂરતું કહી શકાય

૪ આજે પણ તેનું મૂળ સ્વરૂપ ઘણે અંશે મૂળ સ્વરૂપમાં જળવાઈ રહ્યું છે.

૫ તેના મૂળ ઉપદેશક તીર્થંકરોના જીવન ચરિત્રો નિર્દોષ અને ઉંચામાં ઉચા પ્રકારના છે. તે હકીકતની કોઈપણ માણસ. તેઓના જીવન ચરિત્રો વાંચીને ખાત્રી કરી શકે તેમ છે.

૬ તેનો પ્રચાર કરનારા ત્યાગી ધર્મ ગુરુઓની જીવન પ્રણાલી ઉંચામાં ઉચી રીતે ઉપદેશાયેલી અને વખણાયેલી છે.

૭ તેના પાંચ આચારોની ગોઠવણ ઉંચામાં ઉંચી જીવન વ્યવસ્થા ઉપર રચાયેલી છે અને ધાર્મિક જીવનનો મહત્ત્વનો તમામ ભાગ પૂરવી વિગત સાથે તેમાં સમાવેશ પામી જાય છે.

૮ નાના બાળકથી માંડીને મોટા સંત સુધી પાળી શકાય તેવી વ્યવસ્થિત અને સર્વ કાળના જીવોને લાગુ પડે તેવી સાંગોપાંગ આચાર વ્યવસ્થા તેના શાસ્ત્રો પાસે છે.

૯ આ ધર્મનું ધ્યેય જગતમા નૈતિક વ્યવસ્થા ટકાવી, સર્વ જીવોનું આધ્યાત્મિક હિત કરવાનું અને સાચી અહિંસા ફેલાવવાનું છે.

૧૦ આ ધર્મ તો અંધ શ્રદ્ધા ઉપર રચાયેલો નથી જ. હેતુવાદ અને વિશ્વની પ્રાકૃતિક તત્ત્વ વ્યવસ્થા ઉપર રચાયેલો છે પરંતુ, સર્વ જીવો હેતુવાદ ન સમજી શકે માટે, તેવા વર્ગ માટે શ્રદ્ધા પ્રધાન આજ્ઞા રૂપ છે

૧૧ બુદ્ધિશાળી જિજ્ઞાસુને માટે વાસ્તવિક દલીલો અને સમજુતીઓથી તેના શાસ્ત્રો ભરપૂર ભરેલા છે.

૧૨ આ ધર્મ કોઇપણ એક વાતને બિન જરૂરી રીતે પકડીને બેસી રહેતો નથી, તેમજ કેવળ કલ્પના ઉપર આધાર રાખતો નથી

૧૩ આ ધર્મનું તત્વજ્ઞાન જગતને દરેકે દરેક બાજુએથી અવલોકીને જગતના મૂળભૂત તત્વનો નિર્ણય અનેક રીતે કરે છે.

૧૪ બીજા કોઈ પણ ધર્મ એક એક વિજ્ઞાનના આધાર ઉપર રચાયા છે

૧૫ ત્યારે આ ધર્મ જ સર્વે વિજ્ઞાનોના સરવાળા રૂપ તત્વ જ્ઞાનના પાયા ઉપર ખડો છે. અથવા એ રીતે છે, છે ને છે.

૧૬ જૈન શાસ્ત્રોનો ઉપદેશ જગતના સર્વ ધર્મ શાસ્ત્રોના પરમાર્થ રૂપ છે, સાર રૂપ છે. તેમાં ફેરફારને અવકાશ નથી. આનાથી બીજું કાંઈ કહેવા યોગ્ય જગતમાં બાકી રહેતું નથી.

૧૭ આ ધર્મ પાળવાથી-કોઇ તેવા પ્રકારનું પાપ કર્મ આડે ન આવતું હોય, તો-દુન્યવી સુખ સગવડો તો મળેજ છે, ઉપરાંત તેના કરતાંય વધુ સુખરૂપ સ્વર્ગ અને તે સર્વથી અનંતગુણસુખરૂપ મોક્ષ-રૂપ ફળ પણ મળે છે.

૧૮ જગતનો ઉંચામાં ઉંચો ન્યાય, ઉંચામાં ઉંચા બંધારણ અને શિસ્તના શ્રેષ્ઠ તત્વો આ ધર્મેજ પ્રચારમાં મૂકેલા છે. જેની અસર પ્રાચીન કાળથી આખા જગત ઉપર ઓછે વધતે અંશે આજે પણ જોવામાં આવે છે.

૧૯ આ ધર્મનો તમામ પ્રકારનો વહીવટ ચલાવવાનો મુખ્ય અધિકાર ઉપર પ્રમાણના ન્યાય અને બંધારણ ધરાવતું જૈન-શાસનજ ધરાવે છે.

૨૦ જૈન શાસનના અનુયાયીઓ અને વહીવટી અધિકારીઓ ચતુર્વિધ સંઘમાંનાજ હોય છે. અને હમ્મેશને માટે હોઇ શકે છે. કેમકે-તેમનેજ તેના સૂક્ષ્મ વહીવટનો અનુભવ હોય છે. તેથી, બીજાની તેમાં મતિ-શક્તિ ચાલી શકવી જ નથી.

૨૧ તીર્થંકરો, તેના ગણધરો આદિ, તેના પરંપરાના શિષ્યો અને શિષ્યાઓ, વંશ વારસાથી ચાલ્યા આવતા અથવા બંધારણ પૂર્વક નવા દાખલ થયેલ ઉપાસક અને ઉપાસિકા અનુયાયીઓ, જૈન શાસ્ત્રો, ચતુર્વિધ સંઘનું બંધારણ. તીર્થો, મંદિરો, ધર્મસ્થાનો, અનુયાયીઓના હૃદયમાંની ધર્મશ્રદ્ધાથી વારસા, ચાલી આવતી આચારોની શિક્ષા-તાલિમ-વિગેરે સ્થાવર-જંગમ મિલકતો, જૈન ધર્મના ઉપદેશો, પૂર્વાપરનો વહીવટ, પરંપરાથી ચાલ્યા આવતા શ્રી સંઘના પ્રમાણભૂત ઠરાવો, અન્ય ધર્મવાળા-રાજ્યો-અન્ય જાતિઓ વિગેરે સાથેની કરેલી સંધિઓ વિગેરે, સ્થાનિક સંઘો અને સકળ સંઘ, તેને લગતી જરૂરી ધર્મ સંસ્થાઓ, તેના વહીવટ કરનારાઓ, આચાર્યાદિક અને શુદ્ધ વંશ પરંપરાના સ્થાનિક આગેવાનો, વિગેરેના સમૂહ રૂપ **જૈન શાસન** છે.

૨૨ જૈનધર્મનો વહીવટ કરનારૂં **જૈન શાસન**

સ જગતનું કલ્પવૃક્ષ છે.

આ સંસાર રૂપી સમુદ્ર તરીને જલ્દી મોક્ષમા જવા માટેનું મુખ્ય બંદર છે. ૨૩ માનવી સર્વ ગુણો અને આત્મ વિકાસની સંપૂર્ણ સામગ્રી પૂરી પાડવાનો તેનો ઉદ્દેશ છે. [સમકિતની ૭ ભાવનાના અધિકારમાં આ વસ્તુનું સ્પષ્ટ સૂચન છે.]

૨. સમ્યક્ત્વિ જીવ: અને જૈન:

૧ જૈન શાસન તરફની હાર્દિક સંપૂર્ણ વફાદારી, તે સમકિત:

૨ તેવી વફાદારી ધરાવી, તે ટકાવનાર સાચેના જૈન કુટુંબમાં જન્મેલ હોય, તે. અને ગર્ભિત રીતે કે જાહેર રીતે જૈનશાસન તરફની વફાદારીનો [illegible] તેની [illegible] તેવી [illegible] શ્રી સંઘમાં [illegible] હોય, તો તે: જૈન [illegible] સમકિતિ [illegible] કહેવાય

૩ ૧ આજીવિકા, ૨ કન્યા વ્યવહાર, સામાજિક અને ધંધાની બાબતની કોઈ પણ જૈનની જવાબદારી જૈન શાસન લેતું નથી.

૪ તે બાબતમાં પોત પોતાના વંશ વારસાના સામાજિક, કૌટુંબિક, ધંધાના આર્થિક, દેશિક, રાજ્યકીય, પ્રજાકીય વિગેરે ચાલ્યા આવતા સંબંધ અનુસાર જૈન શાસનની આજ્ઞાથી અવિરુદ્ધપણે વર્તવાને દરેકને છૂટ હોય છે.

૫ પરંતુ, તે દરેક પ્રકારના જીવનના ઉચ્ચ નિયમો, ઉચ્ચ ધોરણો, યોગ્ય વ્યવસ્થા, દરેક પ્રકારના આદર્શો અને લાભાલાભ જૈન શાસન બતાવે છે. તેનો યથા શક્તિ ધર્મસાધક રીતે–માર્ગાનુસારી અમલ કરવાનો પ્રેરક ઉપદેશ આપે છે. અને જેમ બને તેમ પ્રજાના ઉચ્ચ જીવન સંસ્કાર ટકાવી રાખવાની વ્યવસ્થાની સમજ તથા માર્ગદર્શન પૂરાં પાડે છે.

૬ માનવ જાતના સામાજિક, પ્રજાકીય, રાજ્યકીય વિગેરે તત્ત્વે જૈન શાસનને સંપૂર્ણ સ્વાર્પણથી મદદ કરવા અને તેને આંચ ન આવવા બંધાયેલા છે. આ સત્ય સમજવાની અને સમજાવવાની જરૂર છે.

૩ સમકિત પાળવાની સમજ:

૧ મન વચન અને કાયાથી જૈન શાસન તરફની વફાદારી અમલ કરવાથી જૈન ધર્મ પાળી શકાય છે. અને તો જ તેના પાલનના મોક્ષ સુધીના ફળો અચૂક મળે છે.

૨ તેની સમજ આ સજ્ઝાયમાં બતાવેલા ૬૭ બોલથી ટુંકામાં છતા વિગતવાર સચોટ મળે છે

૩ માટે, તે જાણવા અને તે પ્રમાણે વર્તવા યથાશક્તિ પ્રયત્ન કરવો.

૪ સમકિત સહિત હોય, તે જ જ્ઞાન અને આચારો ખરેખરા સફળ થાય છે. તે વિના તેનું બરાબર ફળ મળતું નથી. માટે સમકિત એ ધર્મ માટેનો પ્રયત્નનો મોટામાં મોટો પ્રારંભિક ગુણ છે.

૪. સમકિતના સડસઠ બોલની સજ્ઝાય:

૧ સમ્યક્ત્વ: સમકિત: સમ્યગ્દર્શન· શ્રધ્ધા· શુધ્ધ. શ્રધ્ધા· શ્રધ્ધાન· વિશ્વાસ: રુચિ· દર્શન: વિગેરે શબ્દો લગભગ આ સમકિતના અર્થમાં વપરાય છે.

૨ આ સજ્ઝાય પ્રાચીન આચાર્ય મહારાજાશ્રીએ રચેલા ૭૦ ગાથાના **સમ્યક્ત્વ સપ્તતિ**-(દર્શન વિશુધ્ધિ) નામના ગ્રન્થને આધારે, ટુંકામાં ટુંકા, સરળ અને સચોટ શબ્દોમાં, આનંદ આપે તેવી રીતે ગુજરાતી ભાષાની ૬૮ કડીમાં વ્યવસ્થિત રીતે રચેલી છે. "પોતાના મનથી ૬૭ બોલો ઉપજાવી કાઢીને ગ્રંથકારે રચેલી છે." એમ કોઇએ સમજવાનું નથી.

૩ આ સજ્ઝાયના રચનારા અનેક શાસ્ત્રોના જ્ઞાતા. અનેક મોટા મોટા શાસ્ત્ર ગ્રંથો રચનારા: મહાન્‌વિદ્વાન્: તથા માન્ય પુરુષ: ઉપાધ્યાયજી મહારાજ શ્રીમદ્ યશોવિજયજી વાચક મહારાજ છે જેમને કાશીના વિદ્વાનોએ-ન્યાયવિશારદ અને ન્યાયાચાર્યનું બિરુદો આપેલા છે. તેઓશ્રી વિક્રમની ૧૮મી શતાબ્દિમાં વિદ્યમાન હતા. તેમનું અદ્‌ભુત ચરિત્ર વાંચવા જેવું છે.

૪ માટે, તેના શબ્દે શબ્દ ઉપર વિશ્વાસ રાખી, તેની સમજ મેળવી, તે પ્રમાણે વર્તન કરવાથી કાંઇ પણ નુકશાન થાય તેમ નથી.

૫ અને જે લાભ મળે છે, તેનું તો વર્ણન કરી શકાય તેમ નથી.

૫. આ સજ્ઝાયનો વિષય:

૧ પહેલા ચાર દોહામાં ટુંકી પ્રસ્તાવના છે.

૨ પછી બાર ઢાળોમાં બાર અધિકારો છે.

૩ તેમાંની પહેલી બે ગાથામાં ૧૨ અધિકારોના સ્થાન, ૬૭ બોલની ટુંકી સૂચના છે

૪ બાર અધિકારમાંના કોઇ પણ એક અધિકાર પ્રમાણે ન
કરવાથી સમકિતગુણનું પાલન ઘણે અંશે થઇ શકે છે.

૫ એટલે બાર અધિકારમાંથી જેની જેવી શકિત અને યોગ્યતા હે
તે પ્રમાણે કોઇ પણ એક કે વધારે અધિકારોમાં બતાં
કર્તવ્યોનું પાલન કરવામાં આવે, તો પણ તેના સમકિતને
આવતો નથી.

૬. સમજ આપવાની અમારી પદ્ધતિ

(૩) કઠણ શબ્દો ઉપર ૧-૨ વિગેરે આંકડા મૂકીને, નીચે તેના
શબ્દાર્થ આપ્યા છે.

(૧) દરેક ઢાળની આગળ તે ઢાળના એકદમ ધ્યાન ખેંચવા
બોલો આપવામાં આવ્યા છે.

(૨) દરેક મુખ્ય મુખ્ય વિષયની ઉપર અવતરણો મૂકવામાં આ

(૩) આખી ઢાળ પછી-પૂરો ભાવાર્થ આવી જાય, તેવી સમજુતી અ

(૪) તે પછી જરૂરી ટુંકા ટુંકા ટીપ્પણો ક્યાંક આપ્યા છે.

(૫) છેલ્લે ૬૭ બોલનો ટુંકામા સંગ્રહ આપ્યો છે.

(૬) કથાઓના સૂચક પ્રસંગો, જરૂરી ટીપ્પણો, પૂરક શાસ્ત્ર
પ્રમાણો, તથા નજીકના ઇતિહાસમાંની કેટલીક કથાઓ, અ
કિતને લગતું વિશેષ સ્વરૂપ વિસ્તાર ભયથી આપેલું ન
તે ગુરુ મહારાજાઓનો પાદિચય કરી જીજ્ઞાસુઓએ
વિજ્ઞપ્તિ છે.

આશા છે, કે-જૈન બાળકો અને બાળિકાઓને આ
જૈન ધર્મ તરફ આકર્ષવાને વિશેષ ઉપયોગી થશે. જૈન બો
હોસ્ટેલો વિગેરેના વિદ્યાર્થીના પરિચયમાં પણ આ પુસ્તક
ફાયદા કારક નિવડશે છેવટે, તેમની શુદ્ધ જિજ્ઞાસાને
કરશે જ. એવી આશા રાખવી વધુ પડતી નથી.

પ્રભુદાસ બેચરદાસ પા

ન્યાયાચાર્ય: ન્યાયવિશારદ: કલિકાલ શ્રુતકેવળિ-
તુલ્ય: અનેક ગ્રન્થ-રત્ન પ્રણેતા: શ્રીમન્મહો-
પાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી વાચકવર
વિરચિત-

સમકિતના સડસઠ બોલની
સજ્ઝાય.

[શબ્દાર્થ ગાથાર્થ સમજ વગેરે સાથે

મંગલાચરણઃ અને વિષયઃ

દોહા

સુ[1]-કૃત[2]-વલ્લી[3]-કાદંબિની[4] સમરી[5] સરસ્વતી માત,
સમકિત[6]-સડસઠ-બોલની[7] કહીશું મધુરી[8]-વાત,

---

૧ પુણ્ય—પુણ્યાનુબંધિ-પુણ્ય· સંવર· નિર્જરાના કૃત્યો વિગેરે સત્કાર્યો, ઉત્તમ કામો ૨ વેલ, વેલો ૩ વરસતો વરસાદ. ૪ સત્કાર્યો-ઉત્તમ કાર્યો રૂપિ વેલાને ફેલાવવામાં વરસતા વરસાદ જેવા ૫ યાદ કરી ૬ સમકિતના ૭ ૬૭ બોલની. ૮ મીઠી-હિતકારક, પરિણામે [illegible]

ગાથાર્થ·

ઉત્તમ કામો રૂપી વેલને ફેલાવવામાં વરસતા વરસાદ જેવા સરસ્વતી માતાને યાદ[૧] કરી, સમકિતના[૨] સડસઠ[૩] બોલની મીઠી[૪] વાત કહીશું[૫]. ૧

સમજ:

૧ સમકિત ધારી કોઈપણ દેવ કે જે કોઇ જૈન શાસનની સેવા-રક્ષા કરે, તેનું સ્મરણ કરવું, તે સમ્યગ્દર્શન પદની આરાધના કરવાની દૃષ્ટિથી સર્વ-વિરતિવંત મુનિઓને પણ યોગ્ય છે.

૨ **સમકિત** એટલે—
સાચો માર્ગ સાચો ધર્મ· સાચો આદર્શ· સાચો ઉદ્દેશઃ સાચું લક્ષ્ય સાચો વિશ્વાસ· આત્માની શુદ્ધ ભૂમિકાનો મુખ્ય ગુણ· તત્ત્વ સમજનો સાચો પાયો· સાચી શ્રદ્ધા· સાચી ઇચ્છા· સાચી રુચિ· સાચી સમજ· આવી જાતનો તે આત્માનો ગુણ છે.

૩ **સડસઠ બોલ**—સમકિતને લગતી જાણવા જેવી ૬૭ મુખ્ય બાબતો છે, તે બોલો જાણવાથી અને તે પ્રમાણે વર્તવાથી સમકિત સારી રીતે પાળી શકાય છે.

૪ **મીઠી**—આ વાત મીઠી એટલા માટે છે, કે-દરેક વખતે જગત્મા હિત કરનારી છે, માટે આના કરતાં મીઠી વાત દુનિયામાં બીજી કોઈ પણ નથી.
જે વાત મીઠી છતા, હિત ન કરે, તે, ખરી રીતે મીઠી ન ગણાય. કદાચ કડવું છતા છેવટે હિત કરે, તે ખરેખરું મીઠું ગણાય છે. સમકિત ગુણ આ જીવનમાં, લોક વ્યવહારમાં, ધાર્મિક જીવનમા, પરલોકમાં, અને મોક્ષ આપવામા યે સૌથી મુખ્ય-પણે ઉપયોગી થાય છે, માટે તે અત્યન્ત મીઠું છે.

૫ સરસ્વતી માતાનું સ્મરણ **મંગળાચરણ** છે. અને સડસઠ બોલની મીઠી વાત વિષય છે અધિકારી· પ્રયોજન· સંબંધ· વિગેરે ગર્ભિત રીતે સૂચવેલા સમજી લેવા.

સમકિત જેવી હિતકારક ચીજ આપનાર ગુરુના ઉપકારનો બદલો શી રીતે વળી શકે ?

સમકિત-દાયક-ગુરુતણો પચ્ચુવયાર ન થાય
ભવ-કોડા-કોડે કરી કરતાં સર્વ-ઉપાય. ૨

ગાથાર્થ :

જગત્માં સંભવી શકે, તે સઘળાંયે ઉપાયો કરોડો જીંદગી સુધી કરવામાં આવે, તો પણ સમકિત ગુણ જેનાથી મળ્યો હોય, તે-સમકિત ગુણ આપનાર-ગુરુના ઉપકારનો બદલો વળી શકતો નથી. ૨

સમજ :

૧ **સમકિત આપનાર**—સમકિતનો ઉપદેશ આપનાર ગુરુ, અથવા જેનાથી સમકિત મળે કે થાય, તે ગુરુ. સમકિત જેવી દુનિયામાં ઉંચામાં ઉંચી મીઠી ચીજ આપે-જેથી જીંદગીઓની જીંદગીઓ સુધરી જાય, ને છેવટે મોક્ષ મળે. તે ગુરુનો બદલો શી રીતે વળે ? ન જ વળી શકે, એટલો બધો આપણા ઉપર તેનો ઉપકાર થાય છે. અને એથી કરીને સમકિત એ એટલી બધી મધુર ચીજ છે.

૨ **સઘળા યે-ઉપાય**—આપણી પાસે રાજ્ય ઋદ્ધિ કે ઇંદ્રાદિક દેવોની ઋદ્ધિ હોય, તે સર્વનો ઉપયોગ કરીને સમકિત આપવાનો ઉપકાર કરનારનો બદલો વાળવા કરોડો જીંદગી સુધી જેટલા સંભવિ શકે તે સઘળાયે ઉપાયો કરવા છતાં, તેનો બદલો વળી શકતો નથી.

બીજા ગુણો કરતાં સમકિત ગુણ મોટો હોવાનું કારણ.—

દાન[1]-ઽઽદિક[2]-કિરિયા[3] ન દીયે સમકિત વિણ શિવ[4]-શર્મ[5]
તે માટે-"સમકિત વડું[6]" જાણો પ્રવચન[7]-મર્મ[8]. ૩

---

૧ સ્વ-પર અનુગ્રહ ઉપકાર કરવાની બુદ્ધિથી પાત્રને આપવું. ૨ આદિકથી શીયળ, તપ, ભાવના વિગેરે સમજવા. ૩ પ્રવૃત્તિ, ધર્મપ્રવૃત્તિ, ધાર્મિક-અનુષ્ઠાન ૪ મોક્ષ ૫ સુખ ૬ મોટું ૭ જૈનશાસ્ત્ર ૮ રહસ્ય.

ગાથાર્થ

"દાન આપવું : વિગેરે [ઉત્તમ] ક્રિયાઓ પણ સમકિત વિના મોક્ષનું સુખ આપી શકતી નથી.

માટે સમકિત એ મોટાંમાં મોટો ગુણ છે."

આ વાત જૈન શાસ્ત્રનો ખાસ મર્મ છે.

અથવા સમકિત એ જૈન શાસ્ત્રનો ખાસ મર્મ છે. ૩

સમજ :

૧ **મોક્ષનું સુખ :** જે ગામ જવું હોય, તેનો રસ્તો જાણ્યા વિના–મનમા ચોક્કસ નક્કી કર્યા વિના–ગમે તેટલી મોટી દોડા દોડી કરવામા આવે, તેથી તે ગામ પહોંચાતુ નથી. તે પ્રમાણે સમકિત વિના દાન· બ્રહ્મચર્ય. તપ ભાવના કે બીજી કોઇપણ ધર્મ ક્રિયાઃ પૂર્વની તૈયારી રૂપ સમકિત શિવાય મોક્ષ રૂપ ફળ આપવા બરાબર શક્તિ ધરાવતી નથી.

૨ **મોટામાં મોટો ગુણ** · મોક્ષમા શા માટે જવું ? તે ઉદ્દેશઃ અને કઇ રીતે જવું ? તે તેનો માર્ગ એ બેને સમકિત ગુણ નક્કી કરી આપે છે. અને પહેલેથી, ઠેઠ મોક્ષમાં જવા સુધી સાથે રહે છે. મોક્ષની ઇચ્છા ઉત્પન્ન કરે છે, તેથી બીજા બધા ગુણો સફળ થાય છે.

૩ **જૈન શાસ્ત્રો** · જૈન શસ્ત્રોને **પ્રવચન** કહેવામાં આવે છે. ઉંચામા ઉંચુ જીવન જીવનારા તીર્થંકર ભગવંતો ઉંચામા ઉંચુ કેવળ જ્ઞાન મેળવી, સર્વજ્ઞ થઇ, જગતના જીવોના ભલા માટે ઉંચામા ઉંચો–પરમાર્થ ભરેલો–ઉપદેશ આપે છે. માટે તે ઉપદેશનું નામ **પ્રવચન** કહેવાય છે. તેનાથી ઉંચા ઉપદેશ–વચનો જગતમા બીજા પ્રભવી શકતા નથી. પ્ર=ઉંચામા ઉંચા. વચન=એટલે વાક્યો તેથી આવા પ્રવચનોનો સંગ્રહ જેમા કરવામા આવેલો છે, તે જૈન શાસ્ત્રો પણ **પ્રવચન** કહેવાય છે. જૈન પ્રવચનની પ્રચારક સંસ્થા જૈન શાસન–પણ પ્રવચન કહેવાય છે.

સમકિતથી જ જૈન શાસનમા રીતસર પ્રવેશ કરી શકાય છે.
સમકિતથી જ જૈન શાસ્ત્રોના રહસ્ય સમજી શકાય છે
સમકિતથી જ તીર્થંકર પરમાત્માઓનો ઉપદેશ અમલમા મૂકવાનું આશ્ચર્ય આવે છે
સમકિતથી જ તે ઉપદેશનો અમલ બરાબર સફળ થાય છે.

સમકિત એ કઇ જાતનો ગુણ છે? તેની તાત્વિક સમજ —

દર્શન-મોહ-વિનાશથી જે નિર્મળ-ગુણ-ઠાણ.

તે નિશ્ચે સમકિત કહ્યું. તેહના એહ અહિઠાણ -૪

ગાથાર્થ.

દર્શન[૧]-મોહનીય કર્મનો નાશ થવાથી જે નિર્મળ[૨] ગુણ-સ્થાનક પ્રગટ થાય છે, તે નિશ્ચય[૩] નયથી સમકિત કહેવાય છે. તે સમકિતને રહેવાના નીચે ગણાવેલા (૬૭) અધિષ્ઠાનો—કેન્દ્રો—મત્થકો છે.[૪]

સમજ :

૧ **દર્શન મોહનીય કર્મ** :—નખના કાળા ભાગ, વાળનો બહારનો ભાગ, તથા શરીરના પોલાણ; શિવાયના આખા શરીરના તમામ ભાગમાં **આત્મા** ફેલાઈને રહેલો છે. દરેક આત્માઓ ગુણે લગભગ સરખા છતાં, જીવોમાં સુખી, દુઃખી, રાજા, રંક વિગેરે જણાય છે તે આત્મા સાથે બંધાયેલા–ચોંટેલા કર્મોને લીધે છે. આત્માના પ્રદેશે પ્રદેશે અનંત કર્મોના પડ–થર ચોંટેલા છે. અને તે આત્મા સાથે દૂધ અને પાણીની માફક, લોઢાના ગોળા અને અગ્નિની માફક મળી ગયેલા છે

આત્મામા અનંત ગુણો છે. તેમાં જ્ઞાન, દર્શન, સમકિત; તથા ચારિત્ર સાચું સુખ, અરૂપિપણું અક્ષય સ્થિતિ સદા નિર્મળતા; વિગેરે વિગેરે આઠ મુખ્ય ગુણો છે. તેને ઢાંકનાર ૧૨૦ પેટા ભેદો સાથેના આઠ મુખ્ય કર્મો છે. તેમાંનું એક **મોહનીય** નામે કર્મ છે. તેના બે ભાગ છે. એક ભાગ સમકિતના ગુણોને ઢાંકે છે. અને બીજો ભાગ ચારિત્રના ગુણોને ઢાંકે છે

સમકિતના ગુણોને ઢાંકનાર મોહનીય કર્મનું નામ **દર્શન મોહ-કર્મ** કહેવાય છે તેનો નાશ થાય, તો–દર્શન એટલે સમકિત ગુણ પ્રગટ થાય, એ સ્વાભાવિક છે

જો કે–સર્વથી નાશ લખેલ છે, પણ ઉપશમ એટલે કર્મોની શાંતિ અને થોડો નાશ તથા થોડો ઉપશમ, એટલે **ક્ષયોપશમ** એ બન્નેથી પણ દર્શન–સમકિત ગુણ–પ્રગટ થાય છે

એમ દર્શન મોહનીય કર્મના ઉપશમ ક્ષયોપશમ અને ક્ષય થી, અનુક્રમે ત્રણ પ્રકારનું સમકિત ગુણ પ્રગટ થાય છે, તેના નામ **ઔપશમિક સમકિત ક્ષાયોપશમિક સમકિત** અને **ક્ષાયિક સમકિત** કહેવાય છે દર્શન મોહનીય કર્મનો [illegible] થવાથી [illegible] **ક્ષાયિક સમકિત** [illegible] .

ચોક્ખું હોય છે. માટે (સ્થૂલ) **નિશ્ચય-નયથી** તેને ખરું સમકિત કહ્યું છે.

૧ સમકિત ગુણને તદ્દન ઢાંકનાર કર્મનું નામ **મિથ્યા દર્શન મોહનીય કર્મ** કહેવાય છે.

૨ ,, ,, અરધો ઢાંકનાર કર્મનું નામ **મિશ્ર દર્શન મોહનીય કર્મ** કહેવાય છે.

૩ ,, ,, સ્હેજ ઢાંકનાર કર્મનું નામ **સમ્યક્-દર્શન મોહનીય કર્મ** કહેવાય છે.

તેમાં મદદગાર **અનંતાનુ બંધીય ક્રોધ : માન : માયા : અને લોભ** · એ ચાર કષાયો હોય છે

એમ એ સાત પણ દર્શન મોહનીય કર્મો કહેવાય છે, તેનો નાશ થવાથી જે શુદ્ધ **દર્શન** પ્રગટ થાય છે, તેનું નામ **ક્ષાયિક સમકિત** કહેવાય છે

૨ **નિર્મળ ગુણ સ્થાનક**. આ ક્ષાયિક સમકિત પ્રગટ થાય, ત્યારે ૧૪ ગુણ સ્થાનકમાંનું ૪ થા, અને તેની પછીના દશ ગુણસ્થાનક ઉપર જીવ ચડે છે, અને તે દરેક ઉત્તરોત્તર નિર્મળ હોય છે. સમકિતથી શરૂ થયેલ એ નિર્મળતા ઠેઠ મોક્ષમાં જીવ જાય, ત્યાં પણ કાયમ રહે છે

૩ **નિશ્ચયનય** જૈન શાસ્ત્રોમાં ટુંકામાં **નિશ્ચય નય** · અને **વ્યવહાર નય** · એ બે નયો પણ છે એ બંનેયના ઘણા અર્થો છે પણ અહીં **નિશ્ચય નય** એટલે "ખરેખરું તાત્વિક" એવો અર્થ કરવો અને **વ્યવહાર નય** એટલે "બહારથી સમજી શકાય" એવો અર્થ કરવો.

૪ નિશ્ચય નયથી નક્કી કરવામાં આવેલું સમકિત આત્માનો નિર્મળ ગુણ છે પરંતુ "તે ગુણ અમુક આત્મામાં છે." એવું વ્યવહારની જે જે રીત ભાત ઉપરથી સમજાય, તે તે રીતભાતને -નિશાનીઓને-સમકિતને રહેવાના અધિષ્ઠાન એટલે કેન્દ્રો,

મત્થકો કહેવાય છે. એટલે **વ્યવહાર નયથી** એ મત્થકો પણ સમકિત કહેવાય છે. મૂળ સમકિત ગુણ આત્મામા પ્રગટ થયો ન હોય, તો ઘણે ભાગે તેના મત્થકો-નિશાનીઓ જોવામા જાણવામા આવતા નથી-અને એ **વ્યવહાર સમકિત** રૂપ **મત્થકો** જોવામા કે જાણવામા આવે તો ઘણે ભાગે નિશ્ચય નયથીએ આત્માના ગુણ રૂપ સમકિત પણ હોય છે અને કદાચ ન હોય તો પણ એ મત્થકો-અધિષ્ઠાનોનુ આચરણ કરવાથી સમકિત ગુણ લાવવામા મદદ થાય છે નિશ્ચયનયના સમકિતનો અને વ્યવહાર નયના સમકિતનો સંબંધ હોય છે *

ટૂંકામાં સમકિતના ૬૭ અધિષ્ઠાનોઃ—

ઢાળ ૧ લી

વીર જિનેશ્વર ઉપદેશે—એ દેશી

ચઉ[1]-સદ્દહણા[2], તિ[3] લિઙ્ગ[4] છે. દશ-વિધ[5]-વિનય વિચારો રે.
ત્રણ શુદ્ધિ, પણ[6] દૂષણ[7], આઠ પ્રભાવક[8] ધારો[9] રે. ૫

હરિ-ગીત-છંદ

પ્રભાવક અડ[10], પઞ્ચ ભૂષણ[11], પઞ્ચ લક્ષણ[12] જાણીયે.
ષટ જયણ[13], ષટ આગાર[14], ભાવના[15] છવ્વિહ[16] મન આણિયે.
ષટ ઠાણ[17]. સમકિત તણાં સડસઠ ભેદ એહ ઉદાર[18] એ.
એહનો તત્ત્વ[19]-વિચાર કરતાં, લહીજે ભવ-પાર[20] એ. ૬

---

૧ ચાર ૨ શ્રદ્ધા ૩ ત્રણ ૪ નિશાનીઓ, ચિહ્ન ૫ પ્રકારે ૬ પાંચ ૭ દોષ, ખામીઓ ૮ પ્રભાવ ફેલાવનાર ૯ મનમાં વિચારો ૧૦ આઠ ૧૧ શોભાવનારા ૧૨ તાત્ત્વિક નિશાનીઓ ૧૩ રક્ષણના સાધનો ૧૪ છુટો, બારીઓ, અપવાદો ૧૫ સમકિત ગુણ મજબૂત-[illegible] કરવાની વિચારણાઓ ૧૬ છ પ્રકારે ૧૭ સ્થાન, મુખ્ય મથકો ૧૮ ઉંચા પ્રકારના, ઉત્તમ, સુંદર ૧૯ પરમાર્થ, ખરેખરો ૨૦ સંસારનો છેડો, મોક્ષ

ગાથાર્થ :

ચાર શ્રદ્ધા : ત્રણ લિંગ   દશ પ્રકારના વિનયનો વિચાર કરો.

ત્રણ શુદ્ધિ. પાંચ દૂષણ. અને આઠ પ્રભાવકોને મનમાં યાદ રાખો.[૫]

આઠ પ્રભાવક   પાંચ ભૂષણ. અને પાંચ લક્ષણ: જાણી રાખો.

૬ જયણા: ૬ આગાર. અને ૬ પ્રકારની ભાવનાઓ મનમાં યાદ રાખો.

અને સમકિતના ૬ મુખ્ય સ્થાનો છે.

એ સડસઠ બોલ ઘણાજ મહત્ત્વના છે. તેઓના તત્ત્વનો ગંભીર વિચાર કરવાથી મોક્ષ પામી શકાય છે.[૬]

સમજ

અધિકારઃ ભેદઃ નામઃ

૧ ૧ — ૪ ચાર શ્રદ્ધા=દુન્યવી સુખઃ અને પ્રાંતે મોક્ષ સુખઃ આપવાની જૈનધર્મની–શક્તિઃ અને તત્ત્વ જ્ઞાનઃ ઉપર–પાકો વિશ્વાસ.

૨ — ૩ ત્રણ લિંગ=સમકિત ગુણ હોવાની ખાત્રી કરાવે, તેવી નિશાનીઓ.

૩ —૧૦ દશ વિનય=હૃદયના બહુમાનથી સમકિતી જીવે કરવાના મુખ્ય કર્તવ્યો.

૪ — ૩ ત્રણ શુદ્ધિ=સમકિત ગુણ ચોકખો રાખવાની મક્કમતાઓ.

૫ — ૫ પાંચ દૂષણ=સમકિત ગુણ મેલો થવાના ખાસ પ્રસંગો.

૬ — ૮ આઠ પ્રભાવક=સમકિત ગુણની જાહોજલાલી ફેલાવનારા સામર્થ્યશાળીઓ.

૭ — ૫ પાંચ ભૂષણ=સમકિત ગુણને શોભા આપનારા ગુણો.

૮ — ૫ પાંચ લક્ષણ=સમકિત ગુણ હોવાની મહત્ત્વની તાત્ત્વિક નિશાનીઓ.

૯ — ૬ છ જયણા=સમકિત ગુણનું રક્ષણ કરવાની ચાવીઓ.

૧૦ — ૭ સાત આગાર=સમકિત ગુણ પાળવામા આવી પડતી મોટામાં મોટી મુશ્કેલીઓ વખતે લેવી પડતી છુટો.

૧૧ — ૬ છ ભાવના=સમકિત ગુણને મજબૂત ટકાવી રાખવા માટે મનને દૃઢ કરવા બળનું સિંચન કરનારી મુદ્દાની વિચારણાઓ.

૧૨ — ૬૭ સ્થાનક=સમકિત ગુણને મજબૂત રીતે ટકાવનાર: ને સમકિત ગુણના આધાર ભૂત: તાત્વિક: સમજ. અથવા જગતમાં સમકિત ગુણની જરૂરીઆત ઉભી થવાના કુદરતી મહત્વના-મુખ્ય-મુદ્દાઓ.

૧૨—૬૭ એ બાર અધિકારો અને ૬૭ ભેદોનું વિવેચન હવે પછી સમજાવવામાં આવશે.

૨ એ મહત્વના બાર ગુણોના ૬૭ ભેદો છે. તેના પણ પેટા ભેદો ઘણા થાય છે. પરંતુ તેથી વિસ્તાર ઘણો થાય, માટે આ ૬૭ ઉદાર એટલે મહત્વના અને મોટા મોટા એટલે મુખ્ય મુખ્ય ભેદો ગણાવ્યા છે.

૩ તત્વ વિચાર—

જ્ઞાન ત્રણ પ્રકારનું હોય છે:—

૧ વિષયપ્રતિભાસ ૨ આત્મપરિણતિમત ૩ તત્વસંવેદન

૧ વિષય પ્રતિભાસ જ્ઞાન=એટલે વસ્તુનું સામાન્ય હેયો-પાદેયના વિવેક રહિત જ્ઞાન થાય તે

જેમકે:—"આ મીઠાઈ છે."

૨ આત્મપરિણતિમત-જ્ઞાન= એટલે તે વસ્તુમાં જ્ઞાનોપયોગ એટલે હેય છે કે ઉપાદેય છે તે વાત ધ્યાનમાં આવે

જેમકે:—"આ મીઠાઈ ખાવાના કામમાં આવે છે, ખાવાથી મીઠી લાગે."

૩ તત્વ સંવેદન જ્ઞાન=વસ્તુનો [illegible] કરવાથી, તેના પ્રત્યક્ષ લાભાલાભ સમજાય. તેનો અનુભવ થાય, તે અનુભવમાં ટકે.

જેમકે:—મીઠાઈ ખાધી, અને તેનો સ્વાદ અનુભવમાં [illegible] તે "વાહ! મીઠાઈ બહુ સરસ લાગે છે" [illegible] આ તત્વ સંવેદન [illegible] જ્ઞાન [illegible]

આવો તત્વવિચાર [illegible] સમકિતમાં [illegible] થાય, તો જ [illegible]

અધિકાર પહેલો:

ચાર સદ્દહણાઓ:

૧ પરમાર્થ રૂપઃ જૈન શાસ્ત્રોકતઃ તાત્ત્વિકઃ નવ પદાર્થઃ રૂપ તત્ત્વ વ્યવસ્થા ઉપર દૃઢ વિશ્વાસ રાખવો.

૨ ગીતાર્થ ગુરુઓને ઓળખી તેની સેવા કરવી.

૩ જૈનવ્યક્તિઓમાંથી સમકિત ગુણ ચાલ્યો ગયો હોય, તો તેઓનીયે સોબત ન કરવી, તેમના પરિચયમાં યે ન આવવું.

૪ બીજા દર્શનવાળાઓ સાથે સબંધ ન રાખવો.

સૂચના—આ ચાર ગુણ હોય, તો પણ સમકિત અવશ્ય હોય—શ્રદ્ધા સ્વરૂપે સમકિત—હોય જ.

અસમર્થ. ૨૨ અજ્ઞાની, મૂર્ખ, ૨૩ બીજા ધર્મવાળા, ૨૪ હીન, હલકટ, ગુણોથી ઉતરતા, હલકા, ૨૫ જેમ, ૨૬ સમુદ્રની, ૨૭ પાણી ૨૮ ગંગા નદીનું પાણી, ગંગા-જલ, ૨૯ ખારાશ, ૩૦પામે.

ઢાળ [૧ લી ચાલુ]

ચઉ-વિહ સદ્દહણા: તિહાં-જીવા-ઽઽદિક પરમત્થોરે.
પ્રવચનમાંહિ જે ભાખિયા, લીજે તેહનો અત્થોરે. ૭

હરિ-ગીત-૭૬

તેહનો અર્થ વિચારીએ, એ પ્રથમ સદ્દહણા ખરી.
બીજી સદ્દહણા-તેહના જે જાણ મુનિ ગુણ-ઝવહરી,
સંવેગ-રંગ-તરંગ ઝીલે. માર્ગ શુદ્ધ કહે બુધા.
તેહની સેવા કીજિયે, જિમ પીજિયે સમતા-સુધા ૮

ઢાળ [૧ લી ચાલુ]

સમકિત જેણે ગ્રહી, વમ્યું. નિહ્નવ: ને અહાં-છંદા:રે,
પાસત્થા ને કુશીલિયા: વેષ-વિડંબક: મંદા: રે ૯

હરિ-ગીત-૭૬

મદા અનાણી દૂર છંડો, ત્રીજી સદ્દહણા ગ્રહી.
પર દર્શનીનો સંગ તજિયે. ચોથી સદ્દહણા કહી.
હીણા તણા જે સંગ ન તજે, તેહનો ગુણ નવિ રહે.
જ્યું જલધિ જલમાં ભળ્યું-ગંગા-નીર લુણપણું લહે. ૧૦

૧ પરમાર્થ, ૨ જાણવો, ૩ અર્થ. સંક્ષેપથી ગ્રહવા [illegible] વિસ્તારથી સમજ, ૪ [illegible] ૫ [illegible] ૬ [illegible] ૭ [illegible] ૮ [illegible] ૯ [illegible] ૧૦ [illegible] ૧૧ [illegible] ૧૨ [illegible] ૧૩ [illegible] ૧૪ [illegible] ૧૫ [illegible] ૧૬ [illegible] ૧૭ [illegible] ૧૮ [illegible] ૧૯ [illegible] ૨૦ [illegible]

ગાથાર્થ :

સદ્દહણા[1]ઓ ચાર છે

તે[2]માં—

૧ જીવ, અજીવ, વિગેરે પરમાર્થો છે. જૈન શાસ્ત્રોમાં તે જ રીતે કહ્યા છે, તેનો અર્થ જાણવો.[1]

એટલે તેનો અર્થ વિચારવો. એ પહેલી સદ્દહણા મુખ્ય[2] છે. ૭

૨ બીજી સદ્દહણા—તે પરમાર્થના જાણઃ વૈરાગ્ય રસના તરંગોમાં ન્હાતાઃ શુદ્ધ ધર્મ માર્ગનો ઉપદેશ આપતાઃ ખરે-ખરા જ્ઞાનીઃ અને ગુણરૂપી રત્નોના ઝવેરી સમાનઃ જે મુનિઓ હોય, તેઓની એવી સરસ સેવા કરવી, કે જેથી કરીને સમતા[3]–ભાવરૂપી અમૃત પીઇ શકાય. ૮

૩ સમકિત મેળવીને જેઓએ છોડી[4] દીધું હોય.

જેમકે—નિહ્નવો[5]ઃ યથાછન્દો[6]ઃ પાર્શ્વ[7]સ્થો. કુશીલિયા[8]. વેશ–વિડંબકો[9]ઃ મંદો[10]–શિથિલોઃ ૯

ત્રીજી સદ્દહણાનો સ્વીકાર કરીને–એવા શિથિલો અને અજ્ઞાનીઓથી દૂર[11] રહેવાનો નિશ્ચય કરવો.

૪ બીજા ધર્મવાળાઓની સોબત ન કરવી. એ ચોથી સદ્દહણા કહી છે.

જેમ—

સમુદ્રના પાણીમાં ભળેલું ગંગા જળ પણ ખારું થઇ જાય છે. [તેની મીઠાશ ચાલી જાય છે.]

તેમ—

હલકા લોકોની સોબત જે છોડે નહિં, તેનો ગુણ ટકી શકતો નથી. ૧૦

સમજ :

૧ સદ્દહણા=આ ચાર શ્રદ્ધાઓને બરાબર વળગી રહેવામાં આવે, તો પણ સમકિત દૃઢ ટકી શકે છે. પોતાને લાંબી સમજ ન હોય, છતાં સાચી વસ્તુને વિશ્વાસથી વળગી રહેવાથી પણ સમકિત થાય છે, ટકે છે, અને તેનો લાભ મળે છે

૨ ચાર સદ્દહણાઓમાં

૩ પરમાર્થ=દરેક પ્રાણીઓ પોતાના જીવનમા સુખ અને દુઃખ ભોગવે છે. સુખ ભોગવવાનું નામ પુણ્ય ભોગવવું. દુઃખ ભોગવવાનું નામ પાપ ભોગવવું કહેવાય છે. જે જગજાહેર છે પરંતુ, તે પુણ્ય ભોગવવાનું કે પાપ ભોગવવાનું એમને એમ નથી થતું. પહેલા કોઈ વખત સારા કામ કરવાથી પુણ્ય બંધાય છે, અને ખરાબ કામ કરવાથી પાપ બંધાય છે એ બંધાયેલા પુણ્ય અને પાપનું નામ બંધ કહેવાય છે. પુણ્ય રૂપ અને પાપ રૂપ બંધનું કારણ-સારા કે ખોટા કામો હોય છે, તે આશ્રવ કહેવાય છે તે આશ્રવ તત્ત્વ છે. આશ્રવથી પુણ્યરૂપ કે પાપરૂપ કર્મનો બંધ થાય છે, અને તે ઉદયમાં આવે, ત્યારે તે પુણ્ય રૂપે-સુખ રૂપે, કે પાપ રૂપે—દુઃખ રૂપે ભોગવાય છે આશ્રવને રોકી નવા કર્મ બંધ ન થવા દેનાર સદ્વર્તન સંવર કહેવાય છે થોડા ન બંધે, ત્યારથી થોડા થોડા કર્મો નાશ પામે, તેનું નામ નિર્જરા કહેવાય છે તમામે તમામ કર્મોનો નાશ થવાથી— તે કર્મોથી-આત્માને મોક્ષ-છુટકારો મળે છે.

આ સર્વ ધીરજથી કરનાર આત્મા-જીવ છે

પરંતુ જો કર્મ રૂપ અજીવ ન હોય, તો જીવ આ સંસારી જીવન ટકી શકે નહિ

[illegible]

આશ્રવઃ પાપઃ અને બંધનો ત્યાગ કરવો અને છેવટે પુણ્યનો પણ ત્યાગ કરવો. સંવરઃ નિર્જરાઃનો આદર કરી મોક્ષ' મેળવવો. આ રીતે બીજી કોઇ પણ તત્ત્વ વ્યવસ્થા કરતાં—આ જીવાદિક નવ તત્ત્વની વ્યવસ્થા જગત્‌માં ખાસ પરમાર્થ રૂપ છે કેમકે—

૧ આખા જગત્‌ની ત્રણ કાળની તમામે તમામ વ્યવસ્થા સમજાવવાનું પણ આ તત્ત્વ વ્યવસ્થાથી જ સરળ થાય છે.

૨ તથા, જીવનમાં શું કરવું ? શું ન કરવું ? અને શું જાણવું ? અને છેવટે ખરૂં સુખ કેમ મેળવવું ? તે સમજવાને અને અમલમાં મૂકવાને આ નવ તત્ત્વની વ્યવસ્થા જ ટુંકામાં ટુંકી રીતે ગોઠવાયેલી હોવા છતાં ઘણીજ સગવડ ભરેલી છે.

જીવ અજીવ· પુણ્ય· પાપ· આશ્રવઃ બંધઃ સંવર· નિર્જરા· અને મોક્ષ· આ નવ **તત્ત્વ** છે. સામાન્ય બુદ્ધિથી પણ આખા જગતની વ્યવસ્થા સમજવાને આ તત્ત્વ વ્યવસ્થા સહજ રીતે જ ગોઠવાઈ જાય છે તેને પહેલી સદ્દહણામાં મૂકવાનો આશય એ છે, કે -

આ વાત કોઇપણનેય પક્ષપાત વગરની લાગે તેમ છે. અને જો તાત્ત્વિક વ્યવસ્થા વગરનો ધર્મ હોય, તો તેમાં શ્રદ્ધા રાખવાથી વખતે ન્હાસીપાસ થવાનો વખત આવે છે. જે ધર્મમાં તાત્ત્વિક તત્ત્વ વ્યવસ્થા નથી હોતી, તેમાં તે ધર્મના સમજદાર અનુયાયિઓ સ્થિર રહી શકતા નથી

જેમ—૧ કસોટીના પત્થર ઉપર ઘસારો આપીનેઃ ૨ છીણીથી કાપો મુકીને અને ૩ અગ્નિમાં તપાવીને· ત્રણ રીતે સોનાની પરીક્ષા કરી શકાય છે,

તે પ્રમાણે—

૧ જે ધર્મમા વિધે અને નિષેધરૂપ આચારો સુંદર હોય, તે, તે ધર્મની પરીક્ષા કરવાનો કસોટી ઉપરનો કષ છે

૨ તે પાળવાની જે ધર્મ સુંદર વ્યવસ્થા બતાવાતો હોય, તે છેદ કહેવાય છે.

જેમા વિશ્વ વિજ્ઞાન—તત્ત્વનું વર્ણન વ્યવસ્થિત હોય, તે તાપ કહેવાય છે

કષ, છેદ અને તાપ સોનાની જેમ એ ત્રણ પરિક્ષામાંથી જે ધર્મ પસાર થાય. તે ખરો ધર્મ ગણાય

માટે આ જૈન ધર્મ પરમાર્થ રૂપ તત્ત્વ વ્યવસ્થાવાળો, શાન્ત આચાર-વિચાર વાળો, અને તે પાળવાની વ્યવસ્થા વાળો-ઉત્સર્ગ-અપવાદની નિરાળી વ્યવસ્થા-વાળો હોવાથી સંપૂર્ણ પણે યોગ્ય ધર્મ છે. તેના ઉપર કદી આગવાથી કોઈ પણ રીતે બેદરકારીનો [illegible] કરતો નથી

૪ સમકિતથી ભ્રષ્ટ થયેલા—

'दंसण-भट्ठो भट्ठो दंसण-भस्सट्ठ नत्थि निव्वाणं।'

"સમકિતથી ભ્રષ્ટ થયો, તેને ભ્રષ્ટ જ માનવો, સમકિતથી ભ્રષ્ટને મોક્ષ મળતો નથી."

૫ નિહ્નવઃ સત્યના, ધર્મ ગુરુના, વિદ્યા ગુરુના, સત્ય ધર્મના ઉત્થાપક· છુપાવનાર· ગુંગળાવનારા.

૬ યથાચ્છંદઃ સ્વચ્છંદીઃ ગુરુ અને શાસ્ત્રની આજ્ઞામાં ન રહેતાં ગમે તેમ વર્તનારા.

૭ પાસત્થા· ઉપદેશક મુનિ તરીકેનો વેશ છતાં એક જ ઠેકાણે પડયા રહી આચારમાં ઢીલા પડી ગયા હોય, તે.

૮ કુ–શીલિયાઃ દુરાચારી.

૯ વેષ-વિડંબકઃ મુનિના વેષની નિંદા થાય—સજ્જન લોકોમા જૈન વેષ હાંસી પાત્ર થાય—તેવા ખરાબ વર્તન અને આચાર વાળા, ખાનગીમા કે જાહેરમાં પોતાની અંગત માલિકીનું ધન રાખે, ઇંદ્રિયોના વિષયો ભોગવવામાં મન ભટકતું રાખે, કપટી અને જુઠા, બગલાની પેઠે ધીમે ધીમે ચાલે, ધૂતારાની માફક મોઢે મીઠું મીઠું બોલે, કદાગ્રહી, દુષ્ટ બુદ્ધિવાળા, ધર્મને નામે ધતિંગ ચલાવનારા, એ સર્વ વેષ વિડંબક સમજવા.

૧૦ શિથિલો· ધર્મના આચારો પાળવમાં આળસુ, ઢીલા, નિ· સત્વ, ગળિયા બળદ જેવા, સ્ફૂર્તિ વગરના· વળી મૂર્ખા–સાદી સમજ વગરનાયે હોય, તે

૧૧ દૂર જ રહેવાનો નિશ્ચય· આવા લોકોની સોબત ચાલુ રાખવામા આવે, તો આપણને સમકિત થવામાં કે તેની ઉજવળના થવામા મદદ તો ન મળે પણ હોય, તે પણ ચાલ્યું જાય, અથવા આપણે પણ તેના જેવા થઇ જઇએ. આવા જૈન મુનિઓ કે શ્રાવકો હોય, તેનો પણ ત્યાગ કરવાની

ભલામણ છે. તો પછી બીજા ધર્મવાળાઓની સોબત છોડવાનું કહે, તેમા પૂછવું જ શું ? કેટલો નિષ્પક્ષપાત ?

૧૨ **બીજા ધર્મવાળાઓની સોબત ન કરવી:** કેમકે—તેઓની ધર્મની વ્યવસ્થાઓ પરમાર્થ રૂપ નથી જ હોતી-એટલે તેથી સમકિતના ખપી જીવને કોઈ પણ પ્રકારે ઉત્તમ ફાયદો ન જ થાય, એ સ્વાભાવિક છે. ઉલટો, બુદ્ધિ ભેદ-થવાથી નુકશાન થાય છે. તેઓમા કોઈ ગુણ હોય, છતાં તેની સોબત ન કરવી. કેમકે સામાન્ય સમજના લોકો ગુણો અને દોષોની વહેંચણી ન કરી શકવાથી ગુણો સાથે દોષો પણ લઈ લે, તો આધ્યાત્મિક વિકાસમા સ્વ-પરને જરૂર નુકશાન થાય વિશિષ્ટ સમ્યક્ત્વવંત-ગીતાર્થ પુરુષો માટે આવી રોકાવટ ન હોય, પણ સામાન્ય દ્રષ્ટિના સમકિતવંત જીવોને માટે આ રોકાવટ ખાસ ઉપયોગી છે. આને માટેનું-પવિત્ર ગંગાજળ પણ સમુદ્રમા ભળવાથી ખારુ થાય છે-એ દૃષ્ટાન્ત પણ સરસ આપેલ છે.

ખાસ સૂચના

અધિકાર બીજો:

ત્રણ લિઙ્ગ:

૧ ધર્મ સંભાળવાની તીવ્ર ઇચ્છા: તે ૧ લું લિઙ્ગ.
૨ ધર્મ ઉપર દૃઢ રાગ: તે ૨ જું લિઙ્ગ.
૩ દેવ: ગુરુ: અને ધર્મ:ની ખડેપગે સેવા કરવી: તે ૩ જું લિઙ્ગ.

સૂચના—આ [illegible] હોય, [illegible] સમકિત અવશ્ય હોય [illegible] સમકિત [illegible] ગણાય છે.

ગાથાર્થ :

સમકિતના ત્રણ લિઙ્ગ છે:-

૧ પહેલું લિગ શ્રુત–શાસ્ત્ર સભાળવાની તીવ્ર ઇચ્છા. જે ઈચ્છાથી શ્રોતાને શાસ્ત્ર સાંભળવામાં ગળી ગળી સાકર અને ધરાખ ખાવા જેવી મીઠાશ આવે ૧૧

દાખલા તરીકે—

એક તો પુરુષ હોય: યુવાન હોય: એટલું જ નહિ. પણ તે ખુબ સુખી હોય: એટલું જ નહિ. પણ તેની રસિક પત્ની તેની સાથે હોય એટલું જ નહિ, તે મૂર્ખો ન હોય, પણ ચતુર–સગીતજ્ઞ હોય. એટલું જ નહિ. પણ તે સાંભળવાનું સામાન્ય ગીત ન હોય, પણ દિવ્ય–સંગીત સાભળવાનું હોય. તે વખતે તેને તે સાંભળવામાં કેટલો બધો આનંદ આવતો હોય! તેના કરતાંયે પણ જે શ્રોતાને અત્યંત તીવ્ર ઈચ્છાથી ધર્મ શાસ્ત્ર સાંભળવામાં અત્યંત આનંદ આવે, તે શ્રુત–અભિલાષ-શાસ્ત્ર સાંભળવાની ઈચ્છા લિઙ્ગ કહેવાય. ૧૨

૨ એક તો તે પોતે ભૂખ્યો હોય, પાણી અને ફળાદિક વગરના અને કાંટા ઝાંખરાવાળા પહાડી જંગલોમાંથી આવો ચડયો હોય, પાછો તે બ્રાહ્મણ હોય, અને પછી તેને સુંદર અને તાજાં ઘેબર મળી જાય, ત્યારે તેને તે ખાવાનુ કેટલું બધુ મન થાય? કેટલી બધી તે ખાવાની તેને ઈચ્છા થાય? તેવી રીતે જે સમકિતી ભવ્ય જીવને ધર્મ પાળવાનું (આચરવાનું) મન થાય, તે બીજું લિઙ્ગ સમજવુ. ૧૩

૩ લગારેય આળસ રાખ્યા વગર વિદ્યાના સાધકની

સાહેબ દેવ અને ગુરુની સેવા કરવી તે મહત્ત્વનું ત્રીજું લિંગ છે, ૧૪

હે ભવ્ય-પ્રાણિઓ! આ રીતે ત્રણ નિશાનીઓથી ઓળખી શકાય તેવો સમકિતનો ગુણ એવી રીતે ધારણ કરો કે જેથી કરીને અભંગ એટલે કદી પણ નાશ ન પામે, તેવું મોક્ષ સુખ મેળવી શકો.

સમજ

૧ જૈન ધર્મના અનુયાયિઓને પણ જૈન ધર્મ જેવી સર્વોપરિ ચીજ મળ્યાં પછી પણ, તેના પરમશાસ્ત્રોને બદલે જે તે ભાષણો સાભળવા પાછળ દોડવાની ટેવ પડી છે. તેથી ઘણી રીતે તેઓના મન ડહોળાય છે. અને સમક્તિથી તો શું, પણ માર્ગાનુસારિપણાથી પણ ભ્રષ્ટ થાય છે. તેને બદલે ધર્મ શાસ્ત્ર સાભળવુ જોઇએ. તે સાભળવાની ટેવ ટકાવવી જોઇએ આત્મોત્કર્ષ ખાતર રોજ ધર્મ શાસ્ત્ર સાભળવુ જ જોઇએ. નહિ કે–કાંઈક સાભળવાની ટેવ ખાતર–કાનની ખરજ મટાડવા ખાતર સાભળવુ જોઇએ. તે સાભળવાથી કાઇને કાઇ અવશ્ય મહત્ત્વનો લાભ જ થાય છે

" સાંભળવુ તો ધર્મ શાસ્ત્ર જ સાભળવું " એવી ટેક અગાઉ આપણી પ્રજાને હતી તે ટેક આજે ભૂલાતી જાય છે

તેજ પ્રમાણે ધર્મ પોષક બાબતો શિવાયની બીજી બાબતોમા લોકો તન, મન, ધન એટલા જોરથી આપી રહ્યા છે, કે–બીજું સુઝતુ જ નથી તેનુ વિપરીત પરિણામ એ આવ્યુ છે, કે–તેટલા જ જોરથી લોકો ધર્મથી તો શુ, પણ માર્ગાનુસારિપણાથી પણ, દૂર જતા જાય છે જન્મથી માડીને મરણ સુધીના જીવનના સર્વ સારા ભાગમા સીધી રીતે કે આડકતરી રીતે સુદેવ: સુગુરુ અને સુધર્મ એ ત્રણ વસ્તુઓ જ ખાસ મદદગાર હોય છે તેથી, તેમની સેવામા જ તન–મન–ધન–વચન પરોવવા જોઇએ તેમા સર્વ પ્રકારની સેવાના લાભો સમાયેલા જ છે પોતાના–તન, મન, મિલ્કત કુટુંબ, પરિવાર વિગેરે સર્વેય પદાર્થો દેવ ગુરુ ધર્મના સમજવાના છે ન્યાયોપાર્જિતમાંથી નિર્વાહ પૂરતુ જ વાપરવાનો પોતાનો અધિકાર છે [illegible] કુટુંબને મળેલુ વારસામાં હોય, તે સિવાય [illegible] સેવામાં જ અર્પણ કરવાનું છે. અને તેમ [illegible] જોઈએ [illegible] મળેલુ [illegible] આપવુ જોઈએ

૨ વેહથી, દેખાદેખીથી, લાલચથી, ભયથી, શરમથી ધર્મ કરી શકાય છે, પરંતુ મોક્ષનું સાધન માનીને ખૂબ આદરથી ધર્મનું આચરણ કરવામાં આવે, તો તે સમકિત ઓળખવાની બીજી પાકી નિશાની છે.

૩ સમકિત વંત જીવ, દેવ ગુરુઃ અને ધર્મઃ અને તેના સમગ્ર અંગો તથા પ્રત્યંગોઃમાં તલ્લીનપણે સેવા આપ્યા વિના રહેજ નહીં. તેમાંજ તન, મન, ધનનો હાર્દિક ભાવનાથી રસપૂર્વક ઉપયોગ કરે, કરવો જોઇએ, એજ તન, મન, ધનના સદુપયોગનો સાચો ઉપાય છે. આ ત્રીજું લિંગ છે, સમકિત હોવાની પાકી નિશાની છે.

અધિકાર ત્રીજો:

દશ પ્રકારનો વિનય:

૧ અરિહંત ભગવંતોનો વિનય.

૨ સિદ્ધ ભગવંતોનો વિનય.

૩ જિન પ્રતિમા અને જિન મંદિરોનો વિનય.

૪ જૈન સૂત્ર–સિદ્ધાંત રૂપ શાસ્ત્રોનો વિનય.

૫ દશ પ્રકારના મુનિ ધર્મનો વિનય.

૬ તે ધર્મ પાળનારા સાધુ મહારાજાઓનો વિનય.

૭ એવા સાધુઓના અગ્રેસર આચાર્ય મહારાજાઓનો વિનય.

૮ એવા સાધુઓને જૈન શૈલી અનુસાર જૈન શાસ્ત્રો ભણાવનાર ઉપાધ્યાય મહારાજાનો વિનય.

૯ જૈન શાસનના અંગભૂત ચતુર્વિધ સંઘનો વિનય.

૧૦ સમકિત–એટલે સમકિતવંત લોકો અને સમકિત ગુણ તથા તે ખીલવાના સાધનોનો વિનય.

વિનય કરવાની પાંચ રીત:

૧ ભક્તિ. ૨ હૃદયનો પ્રેમ. ૩ ગુણોની સ્તુતિ.
૪. હીલનાનો ત્યાગ ૫ આશાતનાનો ત્યાગ.

સૂચના—આ દશ પ્રકારનો વિનય કરવાનું ધાર્મિક મન સમકિતી જીવને જ [illegible] અને આ દશ પ્રકારનો વિનય કરનારને સમકિત હોય જ, કે થાય [illegible]. આ દશનો, ભક્તિ આદિ પાંચ પ્રકારે વિનય કરનાર સમકિતીમાં [illegible]

ઢાળ ત્રીજી

સમકિતનું મૂલ જાણિયેજી—એ દેશી

૧

અરિહંતઃ તે જિન વિચરંતાજી, કર્મ ખપી હુવા સિદ્ધઃ

ચેઇયઃ જિન-પડિમા કહીજી, સૂત્રઃ સિદ્ધાંત પ્રસિદ્ધ.

ચતુર નર! સમજો વિનય પ્રકાર.

જિમ લહિયે સમકિત-સાર.—ચતુ૦ ૧૫

ગાથાર્થ :

૧ વિચરતાં જિનેશ્વર પ્રભુઃ તે **અરિહંત** ભગવંતો.

૨ કર્મ ખપાવીને મોક્ષમાં ગયાઃ તે સિદ્ધ ભગવંતો.

૩ જિનેશ્વર પ્રભુની પ્રતિમા· તે ચૈત્ય

૪ પ્રસિદ્ધ જૈન આગમોઃ તે **સૂત્ર.** ૧૫

૫ ક્ષમા વિગેરે ૧૦ પ્રકારનો મુનિ ધર્મઃ તે ધર્મ.

૬ તે ધર્મને પાળનારા અને ધર્મના સ્થાન રૂપ હોયઃ તે સાધુ.

૭ જે [પાંચ] આચારો શીખવનારા અને માર્ગ દર્શક નાયક હોયઃ તે આચાર્ય ૧૬

૮ શિષ્યોને સૂત્રો ભણાવેઃ તે ઉપાધ્યાય.

૯ વખાણવા લાયક આણંદ કલ્યાણી શ્રી જૈન સંઘ છેઃ તે પ્રવચન

૧૦ ઉત્તમ એવો સમકિત ગુણઃ તે દર્શન.

૧ બહારથી સેવા કરવીઃ તે **ભક્તિ.**

૨ બહુમાન–હૃદયનો પ્રેમઃ તે બહુમાન.

૩ ગુણોના વખાણ કરવાઃ તે ગુણોની સ્તુતિ.

૪ અવગુણ ઢાંકવાઃ હેલનાનો ત્યાગ કરવોઃ તે **હેલના ત્યાગ.**

૫ અપમાન કરવું તે, આશાતના. તે ન કરવીઃ તે આશાતનાનો ત્યાગ. ૧૮

એ દશનો ઉપર જણાવેલા પાંચ ભેદે જે સમકિત વંત તેઓની અનુકુળતા પ્રમાણે વિનય કરે છે, તે અમૃત–રસ રૂપિ પાણી ધર્મ રૂપી વૃક્ષના મૂળમાં રેડે છે ૧૯

હે ચતુર પુરુષો ! તમો ઉત્તમ સમકિત ગુણ જે પ્રકારે સારી રીતે મેળવી શકો, તે માટે વિનયના પ્રકાર સમજો.

સમજ :

૧ **અરિહંત ભગવંતો** :—કે વળી થઇ કૃત-કૃત્ય છતાં ઠામ ઠામ વિચરી શુદ્ધ ધર્મોપદેશ આપી અસાધારણ વિશ્વોપકારપણાનો ઘોષ વરેવડાવે છે. આજે પણ આપણામાં સદ્ગુણોનો જે લેશ ભાગ છે, અને આપણા વારસામા તે જશે, તે સર્વ ઉપરનો સર્વ ઉપકાર અરિહંત ભગવંતોનો જ છે. આજે પણ તેના શિષ્યો થઇ, ત્યાગી થયેલ ધર્મોપદેશક મહા પુરુષોના ઉપદેશનો લાભ જન સમાજને મળે છે, તે પણ તેઓનો જ ઉપકાર છે. તેથી તેઓનો લોકોત્તર વિનય સર્વથી પ્રથમ કરવાનું સૂચવવા તેઓને પહેલા મૂકેલા છે. તેમના નામનો જાપ-તેમની પ્રતિમાની પૂજા, તેના દ્રવ્યોનો-તેમના જીવન સાથે સીધો કે આડકતરો સંબંધ ધરાવતા કોઇ પણ પદાર્થનો-સત્કાર કરીને અને તેઓશ્રી સાક્ષાત્ વિદ્યમાન હોય, ત્યારે પણ અનેક પ્રકારે તેઓની ભક્તિ કરવી જોઇએ તો અરિહંત પદનો વિનય કહેવાય

આપે છે. સમકિત ઉત્પન્ન થયું હોય, તો પણ તે ટકાવવા અને તેમાં આગળ વધવા માટે આ દશનો પાંચેય પ્રકારે વિનય કરવો જ જોઇએ. તો જ આગળ ઉપર મોક્ષ મળી શકે છે. આ દશ જેમ સમકિત ઉત્પત્તિના કારણો છે, તે જ પ્રમાણે દેશ વિરતિ અને સર્વ વિરતિ ધર્મમાં પણ આગળ ઉપર મદદગાર એ જ છે. માટે, તેઓનો વિનય સમકિત ઉત્પન્ન કરવા અથવા ઉત્પન્ન થયું હોય, તો ટકાવવા અને આગળ વધવા માટે પણ કરવો જ જોઇએ. આ વાત સમજનારા હોય, તે કેટલા બધા ચતુર અને સમજદાર પુરુષો હોય ?

આ દશમાંના કોઇપણ એક તરફ અવિનય કરવાથી દશેય તરફ અવિનય થાય છે. આ વાત ચતુર પુરૂષોએ ખાસ લક્ષ્યમાં રાખવા જેવી છે. માટે દશમાંના કોઇનોયે અવિનય. નીંદા. ચાડી. બાળજીવો તથા અન્ય દર્શનીયઓને જાણ થાય તેવી રીતે જાહેરમાં દોષોની ચર્ચાઃ પોતાને ન સમજાતા રહસ્યો તથા હકીકતોની જાહેરમા ટીકાઃ વીગેરે ન કરવા. કેમકે—એ સઘળા અવિનયના પ્રકારો છે.

ઢાળ ચોથી

ધોબીડા તું ધોજે મનનું ધોતીયું રે—એ દેશી

૧

ત્રણ શુદ્ધિઃ સમકિત તણી રે તિહાં પહેલી મન-શુદ્ધિ રે.
"શ્રી જિન[1]ઃ ને જિન-મત[2]ઃ વિના રે–જુઠ[3] સકળ[4]" એ[5] બુદ્ધિ[6] રે.
ચતુર ! વિચારો ચિત્તમાં રે. ૨૦

૨

"જિન ભગતે જે નવિ થયુ રે, તે બીજાથી કેમ થાય ? રે !"
એવું જે મુખે ભાખિયે[7] રે. તેની વચન-શુદ્ધિ કહેવાય રે.
ચતુ૦૨૧

૩

છેદ્યો[8]ઃ ભેદ્યો[9]ઃ વેદના[10] રે જે સહેતો અનેક-પ્રકાર રે,
જિન વિણ પર-સુર[11] નવિ નમે રે. તેહની કાયા-શુદ્ધિ
ઉદાર[12] રે. ચતુ૦ ૨૨

---

૧ રાગ અને દ્વેષના વિજેતા અરિહંત ભગવંત. ૨ અને તેનો મત એટલે જૈન શાસન· જૈન શાસ્ત્રો· અરિહંત પ્રભુનો ઉપદેશ જૈન ધર્મ. ૩ ખોટું ૪ બધું. ૫ એવી ૬ મનની મક્કમ વિચારણા. ૭ બોલવું. ૮ શસ્ત્રોથી સહેજ છેદાયો. ૯ શસ્ત્રોથી વધુ છેદાયો. ૧૦ કષ્ટ સહન કરવું. ૧૧ અન્ય જિનેશ્વર પ્રભુ સિવાય દેવોને. ૧૨ અન્ય ખાતર ખરા ભાવોથી સહન કરવાને લીધે મુખ્ય અને મહત્વની.

ગાથાર્થ :

સમકિતની ત્રણ શુદ્ધિઓ છે :—

તેમાં —

પહેલી મન-શુદ્ધિ છે. તે —

" શ્રી જિનેશ્વર પ્રભુ અને તેઓએ ઉપદેશેલો શ્રી [illegible] ધર્મ : એ વિના બીજું બધુંયે નકામું છે " એવી [illegible] મનમાં જ મજબૂત સમજ.

